# ભારત- નેપાળના સબંધો વર્તમાન પરિપેક્ષમાં

મહિપતભાઈ જી. ગોવિંદીયા
રાજ્યશાસ્ત્ર વિભાગ,
પી.એચ.ડી. સ્કોલર, સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ

કિરપાલસિંહ કે. પરમાર
માર્ગદર્શકશ્રી, રાજ્યશાસ્ત્ર વિભાગ, સખીદા આર્ટ્સ કોલેજ લીંબડી.

**૧. પ્રસ્તાવના**

આંતરરાષ્ટ્રીય રાજકારણ નિરંતર બદલાતુ રહેતુ હોવાને કારણે બે- દેશો વચ્ચે સંબધો પણ બદલાતા રહે છે. આથી સબંધિત દેશોએ પોતાની વિદેશનીતિની પ્રાથમિકતાઑ અને નીતિઓ માં પણ પરીવર્તન કરવું પડે છે. કારણકે રાષ્ટ્રીય હિતો અને સુરક્ષા ના સ્થાયી તત્વો ના સંબધોમાં જુદા-જુદા દેશોની નીતિઓમા પરીવર્તન જોવા મળે છે. ભારત અને નેપાળ સંબધોમાં પણ આ બાબત જોવા મળે છે.

સદીના અંતિમ દશકમાં આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પરીવર્તનનોની ગતિઅપેક્ષાકૃત અધિક તેજ રહી છે. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રમાં આવેલા મહાનપરિવર્તનો જેમાં શિત-યુદ્ધની સમાપ્તિ, બિન-જોડાણવાદ ના સ્વરૂપમાં ફેરફાર, મહાસતા તરીકે અમેરિકાનો ઉદય વગેરે ના કારણે આંતરરાષ્ટ્રીય રાજકારણ ઝડપથી બદલાતું રહેલું અસર(પ્રભાવ) ભારત-નેપાળના સંબધો પર પડેલી જોવા મળે છે.

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં રાષ્ટ્રો પાસે એટલી સ્વતંત્રતા અવશ્ય હોય છે કે તેઓ બદલાતા આંતરરાષ્ટ્રીય પરિદ્રશ્ય અને તેના રાષ્ટ્રીયહિતોને દ્રષ્ટિકોણમાં રાખીને મિત્રની પસંદગી કરી શકાય છે.

**૨.ભારત- નેપાળના સબંધો વર્તમાન પરિપેક્ષમાં**

આજે ભારત અને નેપાળ બને સર્વસતા સમ્પન સાર્વભૌમરાષ્ટ્રો છે. બન્નેને પોતાની સાથે ભૌગોલિક સીમાઓ છે અને સ્વાયત શાસન કરનારી સરકારો છે. બંને "સાર્ક" ના સભ્ય દેશો પણ છે. અંતમાં આ બને ના પારસ્પરિક સબંધો આ ક્ષેત્રમાં શાંતિ, સમૃદ્ધિ તથા વિકાસ ને પ્રભાવિત કરે છે તેનાથી પણ વધારે બને સદીઓથી નહીં પણ હજારો વર્ષથી એક એવા સાંસ્કૃતિક સબંધોથી જોડાયેલ છે જે પારિવારીક ભાતૃભાવ ભાવના ને ઘોતક છે.

ઐતિહાસિક,સામાજિક,સાંસ્કૃતિક તથા સભ્યતામુલક સંપર્ક આર્થિક સબંધો તથા લોકોની વચ્ચેના મધુર સંબંધો છે જેનાથી વારંવાર 'રોટી-બેટી ના સંબંધો' ના સંદર્ભ માં વર્ણવામાં આવે છે.ભારતમાં ઉજવવામાં આવતા બધાજ તહેવારો નેપાળ માં પણ તેટલાજ ધામધુમથી ઉજવવામાં આવે છે. ભારત અને નેપાળ ની વચ્ચે કેટલીક સમસ્યાઑ છે જેમાં સુસ્તા તથા કાળાપાણી વિવાદોને રાજકીય સૂઝબુઝ અને આપસી સમજના આધાર પર હલ કરી શકાય છે. તેથી વધારે જે સમસ્યા છે તે માત્ર પોતાના રાજકીય સ્વાર્થસિધ્ધી (ખાસ કરીને કોમ્યુનિષ્ટ પાર્ટીઓ) હેતુ ચર્ચામાં લાવવામાં આવે છે.

નેપાળ પર વારંવાર એ આરોપ લગાવાય છે કે નેપાળ ભારત વિરોધી ગતિવિધિઓ, આંતવાદીઓ અને તસ્કરોનું શરણ સ્થળ બની ગયું છે. તથા ભારત-નેપાળની વચ્ચેની ખૂલી સીમાઓ ને કારણે આ બધા આસાનીથી ભારતમાં પ્રવેશ કરી હિંસાત્મક ગતી-વિધિઓ કરે છે. પરતું નેપાળની કેટલીક અડચણરૂપ સમસ્યાઓ છે તે પોતાના બળ પર સીમા પાર ની

બધી સમસ્યાઓ હલ કરી શકતુ નથી. આ બધી સમસ્યાઓ ના સમાધાન માટે નેપાળ અને ભારત ને સાથે મળીને કામ કરવું પડશે.

વૈશ્વિક સબંધોને સમરસ બનાવવા માટે વિશ્વના બીજા દેશો સાથે મળીને વિશ્વની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે આંતરરાષ્ટ્રીય સબંધો વિકાસવા જરૂરી છે. ભારતે પહેલે થી જ વિદેશનીતિ સ્વીકારેલ છે કે ભારતની વિદેશનીતિ વ્યૂહાત્મક અને રાષ્ટ્રીય હિતો તથા સુરક્ષા ના હિતોને વરેલી હોવી જોઈએ. વર્તમાન ભારત સરકાર પાડોશી દેશોને નવી સરકારના સપથગ્રહણ સમારંભ માં સાર્ક દેશોને આમંત્રણ આપીને એક નવા જ અધ્યાય ની શરૂઆત કરી છે. ભારતે પાડોશી દેશો સાથે ઉદાર તથા મહત્વપૂર્ણ સબંધોની પ્રથા ચાલુ રાખી છે જેમાં નેપાળ,ભૂટાન તથા બાંગ્લાદેશ સાથે મોટર વાહન કરાર કરવાની દિશામાં નક્કુર પગલાં ભર્યા છે.

વિશ્વનું એકમાત્ર હિન્દુ રાજય નેપાળ 1769 થી 1990 સુધી રાજાશાહીની છત્રછાયા નીચે રહ્યું છતાં પણ નવા બંધારણ દ્વારા રાજાના અધિકારો પર અંકુશ લગાવીને સંસદીય લોકશાહી નો અંત 2008 માં આવ્યો. જે છેલ્લા 240 વર્ષો થી નેપાળમાં અસિતત્વ ધરાવતી હતી. નેપાળ માં રાજા જ્ઞાનેન્દ્ર વિક્રમશાહ ને સતા ઉપરથી દૂર કરવામાં આવ્યા માઓવાદીઓની ભાગીદારીવાળી સરકાર બની લોકશાહી ની સ્થાપના સાથે તેઓ એ દ્વી પક્ષીય સંબધો પર આભાર મૂકવામાં આવ્યો.

2009માં નેપાળના વડાપ્રધાન ભારત યાત્રા એ આવ્યા અને સબંધો માં પરીવર્તન આવ્યું 2011 માં વડાપ્રધાન મનમોહન સરકારના વિદેશ મંત્રી એસ.એમ.કૃષ્ણા નેપાળની યાત્રાએ ગયા જેમાં મોઓવાદીઓની ગતિ વિધિઓ પર સંયુક્ત પ્રયાસો કરવા અપીલ કરી.

નેપાળમાં બનેલી કોઈપણ ઘટનાનો સીધો સબંધ ભારત પર સ્પષ્ટ રૂપથી દેખાય છે ભારત અને નેપાળ બે શરીર છે માત્ર આત્મા એક છે રાજકીય સ્તર પર કેટલાક મુદ્દાઓ છે જે અંગે એકબીજા એ સાથે મળીને હલ કરવા પડશે જેટલો ભારત નેપાળ ને સહયોગ કરે છે તેટલો બીજો કોઈ દેશ નથી કરતો નેપાળમા મોટાભાગના ખાનગીકરણમાં ચાઈના કંપનીઓ સામેલ છે. જે નેપાળ માં પોતાનો પ્રભાવ વધારી રહી છે. નરેન્દ્ર મોદીજી ના શાસન માં જે ભારત-નેપાળ ના સબંધોમાં જે વાદળો હતા તે વિખેરાય ગયા છે. હવે સમય પાકી ગયો છે કે તેનાથી આગળ વધો જેનાથી ભારત-નેપાળ સબંધોને નવી ઊંચાઈઓ પર પોહચાડી શકાય.

હિન્દુધર્મ અને હિદુત્વ ભારત અને નેપાળને એક કરે છે. 5 ટકા થી પણ ઓછા લોકો નેપાળ માં ઈસાઈ, મુસ્લિમો છે .છતાં પણ નેપાળ ને ધર્મ-નિરપેક્ષ જાહેર કરવો એક સીધે સીધો થોપી બેસાડેલો નિર્ણય છે. નેપાળ ને બિન- સાંપ્રદાયિક જાહેર કરવાની મુખ્ય ભૂમિકા માઓવાદીઓ અને કમ્યુનિસ્ટોની છે. જે સામ્યવાદી સિધ્ધાંતો ને અનુરૂપ "ધર્મ ને અફીણ સમાન" માને છે જે તેમની દેન છે. નેપાળ પોતાની ભૂલ ને સુધારવા માટે પ્રયાસરત છે. 94% હિન્દુઓની સંખ્યા વાળો દેશ બિન-સાંપ્રદાયિક ન હોઈ શકે. નેપાળના વિકાસ માટે અને તેને પુન: હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવામાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ હોઈ શકે છે. ભારતની સહાયતા વગર નેપાળ હિન્દુ રાષ્ટ્ર બની શકશે નહી.

નેપાળની રાજકીય અસ્થિરતા નું કારણ ત્યાંની સામાજિક-આર્થિક અસમાનતા પણ છે કાઠમડું ઘાટી તથા પૂર્વી નેપાળ ને છોડીને પચ્ચીમ નેપાળમા બહુ મોટી સંખ્યા ભારત-નેપાળ તથા ભૂટાન માં ભટકતી રહી છે તેમની અનિશ્ચિત રાષ્ટ્રીય ઓળખાણ હિંસા તથા અપરાધ ના પ્રતિ પ્રેરિત કરે છે. નેપાળની વિદેશનીતિ માં પણ આ બધા આંતરિક પરિબળો પ્રભાવિત કરે છે એટલા માટે ભારત નેપાળ સબંધો આ પરિબળ મહત્વપૂર્ણ છે. નેપાળે આગળ વધવા માટે એ આવશ્યક છે કે ગરીબી, ભૂખમરો, બેરોજગારી જેવી સમસ્યાઓને દૂર કરવી કારણકે આ સમસ્યાઓ કેટલીક વિકરાળ સમસ્યાઓને જન્મ દે છે.

ભારત નેપાળ સબંધોમાં જુદા જુદા કારણોસર ભારત-નેપાળ સાથેના સબંધોમાં છેલા કેટલાક વર્ષોથી સ્થગિતતા આવી હતી. નેપાળમાં રાષ્ટ્રવાદી પરિબળો દ્વારા બંને દેશો વચ્ચે 1950 થયેલી શાંતિ અને મિત્રતા માટે ની ભારત નેપાળ સંધિ ઉપર પુન વિચારણા કરવાની માંગણી કરી શકાય છે. જે ભારત અને નેપાળ વચ્ચે વર્ષોથી રહેલા સારા સબંધો માં અંતરાયરૂપ મુદ્દો બન્યો છે. આ સંધિની જોગવાઈઓમાં નેપાળના નાગરિકો ને ભારતમાં અનેક પ્રકારના લાભો ની જોગવાઈઓ છે. જેમાં ભારતના નાગરિકોની સમકક્ષ સુવિધાઓ અને તકો મેળવાવનો અધિકાર સામેલ છે. નેપાળમાં કેટલાક સ્થાપિત હિતો દ્વારા ભારત-ભૂટાન ના ધોરણે નેપાળ સાથે જળ વિદ્યુત મથકોના કરારને અટકાવવા માં સફળતા મેળવી છે જેને કારણે નેપાળમાં વીજળીની અનેકગણી માંગ હોવા છતાં તેને વીજળીની બહારથી આયાત કરવી પડે છે તેને કારણે નેપાળ ની સરહદે આવેલા ભારતના રાજયોને વારંવાર પૂરના પાણીનો ભોગ બનવું પડી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રમોદી એ 2014માં સત્તા સાંભળ્યા બાદ 3 મહિના મા જ નેપાળ ની મુલાકાત લીધી. નેપાળની ધારાસભા અને સાંસદો ને સંબોધન કરવાનું બહુમાન મેળવનારા પ્રધાનમંત્રી મોદી વિશ્વના પ્રથમ નેતા છે. નેપાળના લોકોની સંવેદનશીલતા ના પ્રતિભાવમાં નેપાળ સાથેની 1950ની શાંતિ અને મિત્રતાની સંધિ ઉપર પુન: વિચાર કરવા ફેરફાર અને સુધારાઓ કરવા પણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી કરીને સુધારેલી સંધિમાં નેપાળની આશા અને અપેક્ષાઓને બહુસારી રીતે ન્યાય આપીને સંતોષ આપી શકાય. 4 ઓગસ્ટ 2014 ના રોજ ભારત અને નેપાળ દ્વારા વડાપ્રધાનની મુલાકાત ઉપર બહાર પડાયેલા સંયુક્ત નિવેદન માં નવી સુધારેલી સંધિમાં સંબધોને નવી દિશા આપવાનો નિર્ધાર વ્યક્ત કરાયો છે. નેપાળમાં પ્રવર્તતી અવિશ્વાસની લાગણી ના સંદર્ભમાં પ્રધાનમંત્રી શ્રી મોદીએ જણાવ્યુ હતું કે ભારત નેપાળ ક્યારેય પણ નેપાળની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવા માગતું નથી અને નેપાળ સાથે દ્રી-પક્ષીય ધોરણે તેમજ ક્ષેત્રિય મંચ ઉપર સહકાર સાધવા માંગે છે. નેપાળની રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારીએ ભારતયાત્રા એપ્રિલ 2017 માં કરી હતી. રાષ્ટ્રપતિ બન્યા પછી ભંડારીની પ્રથમ યાત્રા હતી. રાષ્ટ્રપતિ 2016માં ભારત યાત્રા પર આવવાના હતા પરંતુ નેપાળના વડાપ્રધાન કે.પી.શર્માઓલી સાથેના તણાવને કારણે તેમની યાત્રા રદ થઈ હતી. રાષ્ટ્રપતિ ભંડારી ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી તથા વડાપ્રધાન નરેન્દ્રમોદી સાથે મુલાકાત કરી અને બંને દેશોના સબંધો મજબુત કરવા માટે મહાવપૂર્ણ પ્રયાસ કર્યા છે. ઓગસ્ટ 2014માં વડાપ્રધાન બે વખત નેપાળ પણ ગયા હતા. એપ્રિલ 2015માં નેપાળના લોકોએ ભૂકંપનું ભયાનક તાંડવ જોયું તો ભારત સૌથી પહેલો દેશ હતો કે જેને સહાયતા સામગ્રી અને સૈનિકોને નેપાળ સરકાર સાથે બચાવ અભિયાન માં સહયોગ આપવા માટે મોકલવા માં આવ્યા. ચીનનો નેપાળ માં વધતો પ્રભાવ તથા નેપાળ રાજકારણ માં ચીન ની ભૂમિકા નિરંતર વિસ્તૃત થઈ રહી છે જે ભારત માટે વિશેષ ચિંતા નો વિષય રહ્યો છે એ વાત પણ ઉલ્લેખનીય છે કે ચીન ના “વન બેલ્ટ વન રોડ” અભિયાન ને નેપાળે સમર્થન આપ્યું છે .જયારે ભારત પોતાના સાર્વભૌમત્વ ના પ્રશ્ન ને લઈને આ અભિયાન થી અલગ રહ્યું. નેપાળની વર્તમાન સ્થિતિ ભારતથી બહુ સંવેદનશીલ અને દીર્ઘગામી કદમો ની અપેક્ષા રાખે છે. ભારત નેપાળના સંબધો જ્ઞાનમાર્ગ સાથે બંધાયેલા છે. જ્ઞાનમાર્ગ થી જ આગળ વધશે આ સબંધો પર સંપૂર્ણ એશિયાની શાંતિ, સમૃદ્દિ અને સુરક્ષા પ્રભાવિત થયા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈમોદી આંતકવાદ વિરુધ્ધ યુધ્ધ ના શ્રી ગણેશ કરી ચૂક્યા છે.જેમાં નેપાળ નો સહયોગ મહત્વપૂર્ણ છે.

**સંદર્ભસૂચિ**

1.मिश्र बलदेव नेपाल का ईतिहास – १९०४
2.सकसेना शंकर सहाय नेपाल : अतीत और वर्तमान, बीकानेर
3.The Hindu-(madras) 16 Feb – 1950
4.Indian Council Of World Affairs – Dr. Rakes Kumar Meena – 15 Nov 2016
5.Nepal Chapter Of Mea Website Http// mea.gov.in/
6.Indian – Mission HTML 162
7.Face book Page :- Https:// www.Facebook.com/Indai Nepal